Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ જિનાલય ( મુ. ભાંદક, મધ્યપ્રદેશ )

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૨
અંક ૮

ફાગણ
સં૦ ૨૦૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા


| | | |
|---|---|---|
| ૧ નિરપેક્ષ બનો ... ... ... ... ... | ( શ્રી ન. અ. કપાસી ) | ૧૧૧ |
| ૨ પ્રાચીન ભારતવર્ષના વિરલ અને વિશિષ્ટ છંદો ... ... | ( શ્રી હીરાલાલ ર. કાપડિયા ) | ૧૧૨ |
| ૩ શ્રી નવપદનાં પ્રાચીન ચૈત્યવંદનો ... ... | ( પં. શ્રી રામવિજયજી ગણિ ) | ૧૧૬ |
| ૪ ધનના લોભનો કરુણ અંજામ ... ... ... | ( મુનિશ્રી મહાપ્રભવિજયજી ) | ૧૧૭ |
| ૫ રુચિકર અને હિતકર ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૧૨૦ |
| ૬ શ્રી સંપ્રતિ જિન સ્તવન-સાર્થ ... ... ... | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૧૨૨ |
| ૭ લોકપ્રિય થવાની કળા ... ... ... ... | ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૧૨૫ |
| ૮ સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ... ... | | ટા. ૩ |


## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

### ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

### ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય—અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર પચીશ કોપી સિલિકે રહી છે.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આમંત્રણ પત્રિકા

## પરમપૂજ્ય ગુરુદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મા-રામજી ) મહારાજનો (જન્મ) જયન્તિ મહોત્સવ.

પરમપૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજનો જન્મ જયન્તિ મહોત્સવ શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ચૈત્ર શુદી ૨ તા. ૨૫–૩–૧૯૫૫ શુક્રવારના રોજ રાંધનપુરનિવાસી શેઠશ્રી સકરચંદભાઈ મોતીલાલભાઇ મૂળજી તરફથી મળેલી આર્થિક સહાયવડે આ સભા તરફથી ઉજવવાનો હોવાથી દર વર્ષ મુજબ શ્રી સિદ્ધાચલજી ઉપર સવારના શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં પૂજ્ય ગુરુદેવની મૂર્તિ બિરાજમાન છે, તે સ્થળે શ્રી આદિનાથ પ્રભુ વગેરે પરમાત્માની પૂજા ભણાવવા તથા તીર્થયાત્રા સાથે દેવગુરુભક્તિ કરવામાં આવશે અને બપોરના ત્રણ વાગે સભાસદ બંધુઓનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવશે. ફાગણ વદી અમાસ ગુરુવાર તા. ૨૪–૩–૫૫ના રોજ બપોરની ટ્રેનમાં પાલીતાણા જવાનું છે, જેથી આપ સર્વ સભાસદ બંધુઓને પધારવા આમંત્રણ છે.

લી. સેવકો

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ
શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ
શેઠ જાદવજી ઝવેરભાઈ

સેક્રેટરીઓ :—શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર

For Private And Personal Use Only

શ્રી આત્માનંદ પ્રકાશ

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૮૧. | ફાગણ–માર્ચ. | પુસ્તક પર મું. |
| વિક્રમ સં. ૨૦૧૧. | | અંક ૮ |

# निरपेक्ष बनो

卐

દુઃખ માત્રનું કારણ ઇચ્છા છે. જેમણે સુખની અપેક્ષા રાખી છે, તેઓએ આત્મવંચના જ કરી છે. તેઓ નથી સુખ મેળવી શકયા, નથી તૃપ્તિ મેળવી શકયા કે નથી ઇચ્છાને સફળ કરી શકયા ! મૃગજળ માટે નાંખેલાં ઝાંવાં જેમ નિષ્ફળ જાય છે તેમ સુખ માટેના તેમના અથાગ પ્રયાસો નિષ્ફળ જાય છે, ઊલટું દુઃખ-કારક બને છે. સાચે જ તેઓની મિથ્યા માન્યતાથી તેઓ છેતરાયા છે.

પરંતુ નિરપેક્ષ આત્માઓ પાર્થિવ સુખની કદી પરવા કરતા નથી. તેઓ સમજે છે કે સુખ પરાધીન છે. કર્માધીન છે. મળે તો પણ ક્ષણિક અને દુઃખપ્રાપક છે. એવું સુખ તેમને નથી આકર્ષતું. સુખ માટે પોતાના ઉપર જ આધાર રાખવો તેમને ગમે છે. તેઓ જાણે કે શાશ્વતકાળ સુધી ટકી શકે તેવું અનંત સુખ તેમનામાં પડયું છે. એનો ઉપયોગ કરવાની કળાથી તેઓ પરિચિત છે. પરવસ્તુથી તદ્દન નિરપેક્ષ રહીને આત્મિક સુખની લહરીમાં તેઓ સમય પસાર કરે છે. કંઇ નિરપેક્ષ આત્માઓ પરમપદને પામી ગયા છે. જ્યાં દુઃખ નથી, જ્યાં કલહ નથી, જ્યાં પરાધીનતા નથી, જ્યાં આસુરી વાસના નથી, જ્યાં ચિત્તની ચંચળતા નથી, જ્યાં માનસિક વિકૃતિ નથી, જ્યાં દેહના રોગો નથી, જ્યાં જન્મ અને મૃત્યુની પણ વેદના નથી, જ્યાં અનંત શક્તિ છે, જ્યાં અનંત જ્યોત છે, જ્યાં અનંત જ્ઞાન છે, જ્યાં અનંત આનંદની લહરીઓ છે, ત્યાં અનંત આત્માઓ નિરીહ બનીને અનંત કાળ સુધી રહેવા માટે ચાલી ગયા છે. આપણે પણ નિરીહ બની એવા ઉચ્ચતમ સ્થાનમાં બિરાજવાનાં સ્વપ્નો સેવીએ. વીર પરમાત્મા કહે છે કે–સ્વપ્નો સફળ થશે જ. પરમાત્માની વાણીમાં વિશ્વાસ મૂકીએ. અખિલ વિશ્વના ઉદ્ધાર માટે જેમણે વાણીનો ધોધ વહાવ્યો, તેઓ જનતાને બોધ આપે છે કે અનુપમ સુખનું સ્થાન નિરપેક્ષ જીવન જીવવાથી મળશે. એમની વાણી અન્યથા ન થાય. જન-કલ્યાણ માટે વર્ષો સુધી એમણે જે વાણી વહાવી છે તેનો સાર "**નિરપેક્ષ બનો**" એ બે શબ્દોમાં સમાઇ જાય છે.

**શ્રી ન. અ. કપાસી : વિજય પ્રસ્થાન, પૃ. ૩૯–૪૦**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન ભારતવર્ષના વિરલ અને વિશિષ્ટ છન્દો

## લેખાંક : ૧ : વાણુવાસિયા ( સં. વાનવાસિકા )

( લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ. )

**મનુષ્ય પાસે** વિચારોને વ્યક્ત કરવા માટે વાણીરૂપ સબળ સાધન છે. વાતચીત જેવામાં આ વાણી સામાન્ય રીતે ગદ્યાત્મક હોય છે, પરંતુ વ્યવસ્થિત રીતે સમુચિત સ્વરૂપે એનો આવિર્ભાવ થઇ જ્યારે એ સાહિત્યના ક્ષેત્રમાં વિહરે છે ત્યારે એ ગદ્ય, પદ્ય તેમજ ગદ્ય અને પદ્ય એમ ઉભય પ્રકારનો એટલે કે મિશ્ર એમ ત્રણમાંથી ગમે તે એક જાતનો વિશિષ્ટ દેહ ધારણ કરે છે. આ દેહ એટલે શબ્દોની સુશ્લિષ્ટ રચના યાને ગોઠવણી.

સમસ્ત જગતનું જે સાહિત્ય આજે ઉપલબ્ધ છે તે જોતાં એમ ભાસે છે કે સૌથી પ્રાચીન કૃતિઓ પ્રત્યેક દેશમાં પ્રથમ પદ્યમાં રજૂ કરાઇ છે આ હિસાબે પદ્યાત્મક રચના પ્રાચીનતમ ગણાય.

વર્ણોની અર્થાત્ અક્ષરોની કે એ અક્ષરોની માત્રાની અમુક પ્રકારની–ગદ્ય કરતાં ભિન્ન પ્રકારની યોજના તે ' છંદ ' છે. આથી છંદના માપદંડ બે જાતના છે, એમ કહી શકાય. અક્ષરો કેટલા વપરાયા છે અને એ હ્રસ્વ છે કે દીર્ઘ એનો વિચાર જે જાતના છંદોમાં કરાયો હોય તેને 'વૃત્ત' કે 'અક્ષરમેળ છંદ ' કહે છે. એવી રીતે જે છંદોનું બંધારણ માત્રાને એટલે કે છંદ માપવાના નાનામાં નાના ઘટકને–એકમ( unit )ને અનુલક્ષીને કરાયું હોય તેને ' જાતિ ' કે ' માત્રામેળ છંદ ' કહે છે. આમ છંદના સામાન્ય રીતે જે બે પ્રકારો પડે છે તે પ્રત્યેકના ઉપપ્રકારોની સંખ્યાની સૈદ્ધાંતિક દૃષ્ટિએ તો કોઇ સીમા જ નથી; તેમ છતાં વ્યવહારમાં એ તમામ ઉપપ્રકારો ઉપયોગી નહિ જણાવાથી એનો મોટો ભાગ જતો કરાયો છે અને કરાય છે.

ગણ એટલે સમુદાય, ત્રણ અક્ષરોના સમુદાયને 'અક્ષરગણ' કહે છે. અક્ષરોના હ્રસ્વ યાને લઘુ તેમજ ગુરુ યાને દીર્ઘ એ બે પ્રકારો હોઇ ત્રણ અક્ષરો ઉપરથી આઠ ગણો બને છે, એને ય, ર, ત, ભ, જ, સ, મ અને ન એ નામે ઓળખાવાય છે. લઘુ અક્ષર માટે 'લ' સંજ્ઞા અને ગુરુ માટે 'ગા' સંજ્ઞા ગુજરાતીમાં વપરાય છે.

હ્રસ્વ સ્વરની માત્રા એક ગણાય છે, જ્યારે દીર્ઘ સ્વરની બે ગણાય છે. આ હિસાબે માત્રાના વિવિધ સંયોજનોથી જાતજાતના માત્રા–ગણ ઉદ્ભવે છે. જેમકે ક–ગણ, ચ–ગણ, ટ–ગણ, ત–ગણ અને પ–ગણ. આમાં અનુક્રમે બે, ત્રણ, ચાર, પાંચ અને છ માત્રા હોય છે.

' વાણુવાસિયા ' એ એક પ્રકારના છંદનું પાઇય નામ છે. એને સંસ્કૃત ભાષામાં ' વાનવાસિકા ' કહે છે. એનું બંધારણ માત્રા ઉપરથી યોજાયું છે. સામાન્ય રીતે દરેક છંદના ચાર ભાગ પડાય છે અને એ પ્રત્યેકને ' ચરણ ' કે ' પદ ' કહે છે. એવી રીતે આ વાણુવાસિયાનાં ચાર ચરણ છે અને એ દરેક ચરણમાં સોળ સોળ માત્રા છે. આ ઉપરથી આને ' માત્રાસમક 'નો એક પ્રકાર ગણી શકાય, કેમકે માત્રાસમકમાં સોળ માત્રા હોય છે. અને એમાં નવમી માત્રા લઘુ હોય છે અને અંત્ય અક્ષર દીર્ઘ હોય છે. એનો સુપ્રસિદ્ધ નમૂનો નીચે મુજબ છે:—

" पुनरपि जननं पुनरपि मरणं,
पुनरपि जननीजठरे शयनम् ।
इह संसारे भवदुस्तारे,
कृपया पारे पाहि मुरारे ! ॥ "

માત્રાસમકના વિવિધ પ્રકારો છે, જેમકે ચિત્રા, વિશ્લોક, વાનવાસિકા અને ઉપચિત્રા–આ વિવિધ પ્રકારોના સંમિશ્રણથી ઉદ્ભવેલા છંદને 'પાદાકુલક' કહે છે.

માત્રા કહો કે કલા કહો તે એક જ છે. બે માત્રાને દ્વિ–કલ, ત્રણને ત્રિ–કલ અને ચારને ચતુષ્કલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ ઓળખાવાય છે. ચારે અક્ષર લઘુ હોય તો એના સમુદાયને 'વિપ્રગણ' કહે છે.

વાનવાસિકાનું લક્ષણ એ છે કે એ ચાર ચતુષ્કલનો બનેલો છંદ છે અને એમાં આઠ માત્રા પછી કાં તો જગણ આવે છે કે કાં તો વિપ્રગણ હોય છે. પિંગલાચાર્યે આ છંદનું [1]લક્ષણ દર્શાવતાં જે એમ કહ્યું છે કે નવમી અને બારમી માત્રા લઘુ હોવી જોઈએ એ વિધાન 'જગણ' દ્વારા સિદ્ધ થાય છે. કેમકે ત્રીજું ચતુષ્કલ જગણરૂપે હોય તો નવમી અને બારમી માત્રા આપોઆપ લઘુ જ આવે.

વાનવાસિકાના આ લક્ષણ ઉપરથી જોઈ શકાશે કે એના બે પ્રકાર પડે છે. એકમાં ત્રીજા ચતુષ્કલ તરીકે 'જગણ' હોય છે તો એકમાં એને બદલે 'વિપ્રગણ' હોય છે. સદ્ભાગ્યે આ બંને પ્રકારનાં પ્રાચીન ઉદાહરણો જૈન સાહિત્યમાંથી મળી આવે છે. એ આપણે હવે વિચારીશું.

વિરલ છંદો પૂરા પાડનારો અને મનોહર રીતે ગવાતો એવો એક સુપ્રસિદ્ધ સ્તવ મુનિવર **નંદિષેણે** ૩૮ પદ્યમાં રચ્યો છે. એમાં **અજિતનાથ** અને **શાંતિનાથ** એ બે તીર્થંકરોની ભેગી સ્તુતિ કરાઈ છે. આ સ્તવને **અજિયસંતિથય** કહે છે. એની રચના ક્યારે થઈ એ બાબત બે જાતની પરંપરા જોવાય છે. એક પરંપરા પ્રમાણે પ્રસ્તુત **નંદિષેણ નેમિનાથ**ના તીર્થમાં થયા છે તો બીજી પરંપરા પ્રમાણે એમને મહાવીરસ્વામીના સમયમાં–શાસનમાં થયેલા મનાય છે. કોઈ કોઈ તો એમને નરેશ્વર શ્રેણિકના પુત્ર ગણે છે.

આ સંબંધમાં નિશ્ચિતરૂપે જો કંઈ કહી શકાય તેમ હોય તો તે એ છે **કપ્પ** નામના છેયસુત્ત (છેદસૂત્ર) ઉપર જે **સંઘદાસગણિ** ક્ષમાશ્રમણે લઘુ-ભાસ રચ્યું છે તેની [2]૫૫૪૯મી ગાથામાં જે **અજિત-સંતિ-થય**નું સૂચન છે તે જ આ સ્તવ હોય એમ જણાય છે અને એ હિસાબે આ કૃતિ લગભગ પંદરસો વર્ષ જેટલી તો પ્રાચીન ગણાય જ. એનું નિમ્નલિખિત **૩૨** મું પદ્ય 'વાણવાસિયા' માં છે.

"**सद्दावलट्टा समप्पइट्ठा**
**अदोसदुट्ठा गुणेहिँ जुट्ठा।**
**पसायसिट्ठा तवेण पुट्ठा**
**सिरीहिँ इट्ठा रिसीहिँ जुट्ठा ॥ ३२ ॥**

આ 'વાણુવાસિયા' છંદ છે, કેમકે એનું પ્રથમ ચરણ જેમ નીચે મુજબ દર્શાવી શકાય તેમ છે, તેમ બીજાં પણ દર્શાવાય તેમ છે:—

**स द्दा व ल ट्टा स म प्प इ ट्ठा**
લ ગા લ ગા ગા લ ગા લ ગા ગા
ચતુષ્કલ ચતુષ્કલ જ–ગણ ચતુષ્કલ=સોળ માત્રા

વાણુવાસિયા(સં. વાનવાસિકા)નો બીજો પ્રકાર હું રજૂ કરું તે પૂર્વે અહીં એ બાબત નોંધીશ કે **છંદોનુશાસન** ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિમાં 'કલિકાલ-સર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **અજિયસંતિથય**માંનું એક પણ પદ્ય ઉદાહરણરૂપે આપેલું જણાતું નથી. જો એમ જ હોય તો તેનું શું કારણ હશે? શું પોતાની કૃતિને 'સર્વોપયોગી' બનાવવાની ભાવનાને એ આભારી હશે?

કોઈકે **કવિદપ્પણ** રચ્યું છે. આનો પરિચય મેં **પાઇય(પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** નામની મારી કૃતિ (પૃ. ૬૪–૬૫)માં આપ્યો છે એટલે અહીં તો એટલું જ કહીશ કે આ **કવિ-દપ્પણ**ના દ્વિતીય ઉદ્દેશ(ઉદ્દેશ)ના વીશમા પદ્યમાં 'વાનવાસિકા'ના લક્ષણ વિષે ઉલ્લેખ છે. આ રહ્યું એ પદ્ય:—

"**'चित्ता' नवमो वि हु,**
**वाणवासिया नवम-बारसा लहुणो।**
**नवमगुरू 'उवचित्ता,'**
**'पायाउलयं' इमाण पाएहिँ ॥ २० ॥**"

---

૧ "**ट-चउक्को नव-बारस-लहुहिँ सा वाणवासिया।**"

૨ આ ગાથા નીચે મુજબ છે:—

"**अविधिपरिट्ठवणाए काउस्सग्गो**
**गुरुसमीवम्मि।**
**मङ्गलसन्तिनिमित्ते थओ तओ**
**अजित-सन्तीणं ॥५५४९॥**"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવિદપ્પણ 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિની પછી પરંતુ જિનપ્રભસૂરિ (વિ. સં. ૧૩૬૫) કરતાં પહેલાં રચાયું છે એમ મનાય છે. એની એક હાથપોથી ભાંડારકર પ્રા. સં. મંદિરમાં છે અને એને આધારે આ કૃતિ કોઈક જૈનની ટીકા સહિત આ મંદિરના ત્રૈમાસિક (પુ. ૧૬ અને પુ. ૧૭) માં છપાઈ છે. પ્રસ્તુત ટીકામાં "**नवम-द्वादशौ लघू वानवासिका**" એવો ઉલ્લેખ છે. પ્રથમ પદ્યની ટીકામાં છંદના માત્રા-છંદ, વર્ણ-છંદ અને ઉભય-છંદ એમ ત્રણ પ્રકાર પડાયા છે. ઉભય-છંદ તરીકે 'વૈતાલીય'નો ઉલ્લેખ છે.

ઉ. ૨, શ્લો. ૨૦ એ અંગે 'મુદ્રા' અલંકારથી અલંકૃત એવું 'વાણવાસિયા'નું *ઉદાહરણ નીચે મુજબ અપાયું છે:—

" **पइँ पियठाणाउ भंसियाओ,**
**देव ! नियकिवाणवासियाओ ।**
**तग्गयसलिलं सुपहि अणिसं,**
**रिउनिवसिरीउ रुयंति च मिसं ॥२८॥"**

વાનવાસિકાના દ્વિતીય પ્રકારનાં ઉદાહરણો દિગંબર આચાર્ય સમંતભદ્રે પૂરાં પાડ્યાં છે. એમણે દેવાગમ-સ્તોત્ર, (આપ્તમીમાંસા), સ્તુતિ-વિદ્યા (જિનશતક), સ્વયંભૂ-સ્તોત્ર (સમન્તભદ્ર-સ્તોત્ર) અને વીરજિન સ્તોત્ર (યુક્ત્યનુશાસન) એમ ચચ્ચાર દાર્શનિક સ્તોત્રો રચ્યાં છે અને તેમ કરી એઓ 'સ્તુતિકાર' તરીકે સુવિખ્યાત બન્યા છે. દિ. આચાર્ય જિનસેને આદિપુરાણ પર્વ ૧, શ્લો. ૪૪ માં એમને કવિ, ગમક (ટીકાકાર), વાદી અને વાગ્મી તરીકે અસાધારણ ગણ્યા છે. એ સમન્તભદ્રે ૧૪૩ પદ્યોમાં ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકરોની સ્તુતિ અને 'સ્વયંભુવા'થી શરૂ થતું સ્વયંભૂ-સ્તોત્ર રચ્યું છે એમાં મલ્લિનાથને અંગે પાંચ પદ્યો છે. અને એ પાંચે દ્વિતીય પ્રકારના 'વાનવાસિકા'નાં પ્રાચીન ઉદાહરણની ગરજ સારે છે. આ પાંચ પદ્યો નીચે મુજબ છે:—

" **यस्य महर्षेः सकलपदार्थ-**
**प्रत्यवबोधः समजनि साक्षात् ।**
**सामरमर्त्यं जगदपि सर्वं**
**प्राञ्जलि भूत्वा प्रणिपतति स्म ॥ १ ॥**

**यस्य च मूर्तिः कनकमयीव**
**स्वस्फुरदाभाकृतपरिवेषा ।**
**वागपि तत्त्वं कथयितुकामा**
**स्यात्पदपूर्वा रमयति साधून् ॥ २ ॥**

**यस्य पुरस्ताद् विगलितमाना**
**न प्रतितीर्थ्या भुवि विवदन्ते ।**
**भूरपि रम्या प्रतिपदमासी-**
**ज्ञातविकोशाम्बुजमृदुहासा ॥ ३ ॥**

**यस्य समन्ताज्जिनशिशिरांशोः**
**शिष्यकसाधुग्रहविभवोऽभूत् ।**
**तीर्थमपि स्वं जननसमुद्र-**
**त्रासितसत्त्वोत्तरणपथोऽग्रम् ॥ ४ ॥**

**यस्य च शुक्लं परमतपोऽग्नि-**
**र्ध्यानमनन्तं दुरितमधाक्षीत् ।**
**तं जिनसिंहं कृतकरणीयं**
**मल्लिमशल्यं शरणमितोऽस्मि ॥ ५ ॥"**

આ પાંચે પદ્યોનાં સમસ્ત ચરણો છંદની દૃષ્ટિએ એક જ પ્રકારનાં છે. પ્રથમ પદ્યના પ્રથમ ચરણના અંતમાં र्थ પછી प्र છે, એથી र्थ દીર્ઘ ગણાય. જેમકે—

| य स्य म | ह र्षेः | स क ल प | दा र्थ- |
|---|---|---|---|
| ગા લ લ | ગા ગા | લ લ લ લ | ગા ગા |
| ચતુષ્કલ | ચતુષ્કલ | ચતુષ્કલ | ચતુષ્કલ |
| | | (વિપ્રગણ) | |

આમ દરેક ચરણ વાનવાસિકાના બીજા પ્રકાર પ્રમાણે યોજાયું છે.

કુલકરૂપ ઉપર્યુક્ત પાંચ પદ્યોથી શ્વેતાંબરોનો

* આમાં આઠ માત્રા નથી, પ્રત્યેક ચરણમાં જ-ગણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટો ભાગ અપરિચિત હોવાથી એનો હું ગુજરાતીમાં અનુવાદ કરી એ અહીં આપું છું:—

જે મહર્ષિને (જીવાદિ) સમસ્ત પદાર્થોનું પરિપૂર્ણ જ્ઞાન (કેવલજ્ઞાન) સાક્ષાત્ ઉત્પન્ન થયું, જેમને દેવો અને મર્ત્ય (જનો) સહિત સારાયે જગને અંજલિ જોડીને પ્રણામ કર્યા, જેમની મૂર્તિ (શરીરની આકૃતિ) સુવર્ણમય જેવી હતી અને જેણે પોતાના સ્ફુરાયમાણ તેજવડે (સમગ્ર દેહને વ્યાપ્ત કરનારું પ્રભાનું) મંડલ (ભામંડલ) કર્યું, જેમની વાણી 'સ્યાત્' પદપૂર્વક (સમુચિત સ્વરૂપે) તત્ત્વનું કથન કરવાની ઇચ્છાવાળી છે અને જે સાધુઓને રમાડે છે–આકર્ષે છે, જેમની સાથે નિર્ગર્વ બનેલા પ્રતિતીર્થિકો (એકાંતવાદીઓ) પૃથ્વી ઉપર વિવાદ કરતા નથી અને (જેમના વિહારના સમયે) પૃથ્વી પણ પદે પદે વિકસિત કમળોના કોમળ હાસ્યવડે રમણીય બની હતી, જે જિનેન્દ્રરૂપ ચન્દ્રનો વૈભવ શિષ્ય–સાધુરૂપ ગ્રહરૂપે થયો હતો અર્થાત્ જેઓ બહોળા સાધુસમુદાયથી વ્યાપ્ત થયા હતા, જેમનું પોતાનું તીર્થ પણ ભવ–સમુદ્રથી ત્રાસી ગયેલા જીવોને પાર ઉતારવામાં મુખ્ય માર્ગરૂપ બન્યું, જેમના શુક્લધ્યાનરૂપ શ્રેષ્ઠ તપરૂપ અગ્નિએ અનન્ત પાપને (કર્માષ્ટકોને) બાળી મૂકયાં એ કૃતકૃત્ય અને શલ્યરહિત મલ્લિજિનેશ્વરનું મેં (સમંતભદ્રે) શરણ લીધું છે. (તો હવે કર્માષ્ટકોથી એઓ મને બચાવે). ૧–૫

ઉપર્યુક્ત દિગંબર આચાર્ય **સમંતભદ્ર**ના હિસાબે ઘણા અર્વાચીન પરંતુ આજના હિસાબે સાડી ત્રણ સો વર્ષ જેટલા તો પ્રાચીન જણાતા[૧] **શાંતિચન્દ્રે** **અજિય–સંતિ–થય**ના (છંદની દૃષ્ટિએ) અનુકરણરૂપે જે **ઋષભવીરસ્તોત્ર** રચ્યું છે તેનું નિમ્ન લિખિત ૩૩ મું પદ્ય વાનવાસિકાના પ્રથમ પ્રકારના સંસ્કૃત ઉદાહરણરૂપ છે:—

**" अकर्मसिद्धौ मलैर्निषिद्धौ**
**स्वभावशुद्धौ स्वयम्प्रबुद्धौ ।**
**जिनेषु वृद्धौ गुणैः समृद्धौ**
**मया निरुद्धौ हृदि प्रबुद्धौ ॥ ३३ ॥ "**

'વાનવાસિકા' છંદમાં કયા કયા અજૈન કવિની કૃતિ રચાઇ છે અને એ કેટલી પ્રાચીન છે તેની તપાસ કરવી બાકી રહે છે એટલે અત્યારે તો જૈન કૃતિઓમાં પાઇય કૃતિ તરીકે **અજિયસંતિથય** અને સંસ્કૃત કૃતિ તરીકે **સ્વયંભૂસ્તોત્ર** સૌથી પ્રાચીન છે એટલું જ કહેવું બસ થશે. (ચાલુ)

---

૧ એમના શિષ્ય રત્નચન્દ્રે વિ. સં. ૧૬૭૪ માં જે **પ્રદ્યુમ્નચરિત્ર** ૧૭ સર્ગમાં રચ્યુ છે તેમાં આ **શાન્તિચન્દ્ર**ના ગુરુ તરીકે **સકલચન્દ્ર**નો, અને એ સકલચન્દ્રના ગુરુ તરીકે, આનંદવિમલસૂરિના શિષ્ય **સહજકુશલગણિ**નો ઉલ્લેખ કર્યો છે.

## ગરીબી અને અમીરી

તમારું દિલ ગરીબ છે કે શ્રીમન્ત? બીજાને સુખી જોઈ તમે જો દુઃખી થતા હો તો તમે શ્રીમન્ત હો તો પણ તમારું દિલ ગરીબ છે અને બીજાને સુખી જોઇ, તમે જો ખુશી થતા હો તો તમે ગરીબ હો તો પણ તમારું દિલ શ્રીમન્ત છે, કારણ કે ગરીબી અને અમીરી ધનમાં નથી; મનમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો

## પંચમ સાધુ પદ ચૈત્યવંદન—સાર્થ.

વિવેચનકાર પં. મ. શ્રી રામવિજય ગણિવર્ય

( ૫ )

**દંસણુ નાણુ ચરિત્ત કરી, વર શિવ પદગામી,**
**ધર્મ શુકલ શુચિ ચક્કસેં, આદિમ ખય કામી. ૧**
**ગુણપમત્ત અપમત્ત તેં, ભયે અંતરજામી,**
**માનસ ઇંદ્રિય દમનભૂત, શમ દમ અભિરામી. ૨**
**ચારુ તિધન ગુણ કર્યાં એ, પંચમ પદ મુનિરાજ,**
**તત્ પદ પંકજ નમત હે, હીરધર્મ કે કાજ. ૩**

**અર્થ**:—દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ હાથીની સ્વારી કરી શિવપદ-મોક્ષસ્થાનમાં ગતિ કરનારા થયા; વળી પવિત્ર એવા ધર્મધ્યાન-શુક્લધ્યાનરૂપી ચક્રદ્વારા પ્રથમના આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનને ક્ષય કરવાની ઇચ્છાવાળા થયા; વળી છઠ્ઠા પ્રમત્ત અને સાતમા અપ્રમત્ત નામના ગુણસ્થાનકે ચડી અંતર્યામી થયા; વળી પંચમ પરમેષ્ઠિના સ્થાને મુનિજનોએ સત્તાવીશ ગુણ પ્રકટ કર્યા; 'ચારુતિધન'ની સમસ્યા વિશેષ અર્થમાં કહેવાશે; વળી મુનિઓ નોઇંદ્રિય (મન) તથા પાંચ ઇંદ્રિયોનું દમન કરનારા હોય છે; તેથી શમ દમ ગુણોવડે મનોહર છે. એવા મુનિને **હીરધર્મ** નામના મુનિવર ચરણકમળમાં પડીને નમન કરે છે.

**વિશેષાર્થ**:—પંચમ પદમાં મુનિવરો દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ શ્રેષ્ઠ હાથી ઉપર ચડી મોક્ષસ્થાનમાં પ્રગતિ કરનારા થયા; વળી ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ ચક્રવડે પ્રથમના બે ધ્યાનો-આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનને ક્ષય કરવાની ઇચ્છાવાળા થયા; જેમ ચક્રવર્તી રાજા ચક્રરૂપ શસ્ત્રવડે શત્રુની સેનાનો સંહાર કરે છે તે દૃષ્ટાંતથી ઉપનય વિચારતાં મુનિવરરૂપ ચક્રવર્તી રાજા આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના ચાર ચાર ભેદોરૂપી ચતુરંગિણી સેનાનો નાશ કરી શકે છે તેમજ મુનિવરો દેશવિરતિ ગુણસ્થાનક કરતાં અત્યંત શુદ્ધ અધ્યવસાયવાળા હોય છે; તેથી પણ અનંત વિશુદ્ધિ વધતાં મુનિવરો સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે આવે છે; ત્યારપછી બાકીના સર્વ ગુણસ્થાનકો અપ્રમત્ત દશાવાળા હોય છે; આવા અનંતગુણનિષ્પન્ન સ્થાનથી મુનિવરોનો આત્મા અંતર્યામી બને છે; ચોથું મનઃપર્યવ જ્ઞાન થતાં સંજ્ઞી જીવોના મનના ગુપ્ત ભાવો બરાબર જાણી શકે છે; તેથી 'અંતર્જામી' વિશેષણ બરાબર ઘટે છે; બાહ્ય આત્મત્વપણું તજી અંતરાત્મપણું વધતી વધતી કલાએ હોય છે કારણ કે ચોથા ગુણસ્થાનકથી બારમા ક્ષીણમોહ ગુણસ્થાન સુધી અંતરાત્માનું સ્થાન ગણાય છે; જેથી છઠ્ઠાથી બારમા ગુણસ્થાન સુધી મુનિવરોનું સ્થાન છે; વળી મુનિવરો સમતા ગુણથી અને ઇંદ્રિયદમન ગુણથી શમ-દમવાળા કહેવાય છે તેથી ભવ્ય જીવોને આનંદ આપનારા થયા છે; હવે 'ચારુતિધન' એ સંખ્યા વાચક છે; ચારુ=મનોહર, તિધન=૩×૩=૯×૩=૨૭ ગુણોથી યુક્ત મુનિજનો છે; કોઇ સ્તવનમાં 'ચાર ધને મઘવા સ્તવે રે' વાક્ય છે તો ૪×૪=૧૬×૪=૬૪ આ ઇંદ્રોની સંખ્યા જાણવી. આવા મુનિવરોના ચરણકમળમાં **હીરધર્મ** નામના મુનિપુંગવ નમન કરે છે અથવા તો અમૂલ્ય એવું જે હીર તે રૂપ ધર્મ માટે આરાધકો પંચમપદમાં મુનિવરોને વંદન કરે છે, એ અર્થ પણ સાર્થક છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધનના લોભનો કરુણ અંજામ

**જેનાથી બે સગા બંધુઓ વચ્ચે પાંચ ભવ સુધી વૈરવૃત્તિ અખંડ ચાલુ રહી.**

**( લેખકઃ—મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી. )**

**सयलाणत्थनिमित्तं, आयासकिलेसकारणमसारम् ।**
**नाउण घणं धीमं, न हु लुब्भइ तंमि तणुयंमि ॥**

ધન–લક્ષ્મીને તમામ અનર્થોનું નિમિત્ત, આયાસ તથા કલેશનું કારણ અને અસાર જાણી બુદ્ધિવાનોએ તેમાં ખરેખર લગાર લોભ કરવા જેવો નથી.

લક્ષ્મી પેદા કરવામાં દુઃખ છે, પેદા કરેલને સાચવવામાં દુઃખ છે, આવતાં દુઃખ છે અને જતાં પણ દુઃખ છે માટે **લક્ષ્મી કષ્ટ–દુઃખનું સ્થાન છે.** શું રાજા મને રોકશે? મારા ધનને અગ્નિ બાળી નાખશે? સમર્થ સગાવહાલાં તેમાં ભાગ પડાવશે? શું ચોરો લૂંટી લેશે? જમીનમાં દાટેલું કોઇ શું કાઢી જશે? એમ ધનવાળો દિવસરાત ચિંતા કરતો દુઃખી રહે છે. **તેથી તે આયાસ–ચિત્તના ખેદનું કારણ છે.** લક્ષ્મી માટે કેટલાક માણુસો ભયંકર મગરોથી ભરેલા સમુદ્રને તરી દેશાંતર જાય છે, બીજા ઉછળતા શસ્ત્રોના આઘાતથી ઉછળતા અગ્નિના કણીયાવાળા યુદ્ધમાં દાખલ થાય છે, ત્રીજા થંડા ગરમ પાણી અને વાયરાથી ખિંજાયલા શરીરવડે ખેતી કરે છે ચોથા અનેક પ્રકારના શિલ્પ કરે છે અને પાંચમા નાટક વગેરે પણ કરે છે. **તેથી લક્ષ્મી કલેશ એટલે એટલે શરીરના શ્રમનું પણ કારણ છે.** વળી કહ્યું છે કેઃ—

**व्याधीन्नो निरुणद्धि, मृत्युजननज्यानिक्षये न क्षमम् ।**
**नेष्टानिष्टवियोगयोगयोगहृतिकृत्, सम्नङ्गन च प्रेत्य च ॥**
**चिंताबंधुविरोधबंधनवधत्रासास्पदं प्रायशो ।**
**वित्तं वित्तविचक्षणः क्षणमपि, क्षेमावहं नेक्षते ॥**

**ધન રોગોને અટકાવી શકતું નથી, જન્મ, જરા, મૃત્યુને નિવારી શકતું નથી, ઇષ્ટ વિયોગને અને અનિષ્ટના સંયોગને ટાળી શકતું નથી, પરભવમાં સાથે આવી શકતું નથી અને પ્રાયે કરી ચિંતા, ભાઇઓમાં વિરોધ, ધરપકડ, મારફાડ અને ત્રાસનું સ્થાન છે; માટે એવા ધનને, ધનનું સ્વરૂપ જાણવામાં નિપુણ પુરુષ, ક્ષણભર પણ ભલું કરનાર નથી માનતો. આ રીતે લક્ષ્મીમાંથી આત્મહિતકારક કંઈ સારું ફળ પ્રાપ્ત ન થતું હોવાથી તેને વિચક્ષણોએ અસાર કહી છે.**

**સંસારભરના સર્વ પ્રાણીઓને સુખ ગમે છે અને દુઃખ નથી ગમતું એ પોતાના અને બીજાના અનુભવથી સર્વ સમજી શકે છે. સુખની શોધમાં જગત્‌ના પ્રાણીઓ ઘણું આથડે છે, પુષ્કળ મહેનત કરે છે, અને રાતદિવસ ચિંતા કરે છે; છતાં સાચા સુખનો અભાવ જગજ્જીવોના ચિત્તને ક્ષણે ક્ષણે સંતાપ પમાડે છે, એ પણ અનુભવથી સમજી શકાય છે. સુખના પ્રયત્નમાં ભૂલેલા જીવો ગમે તેવા પ્રયત્નથી પણ સુખ ન જ મેળવી શકે. સાચા સુખની દિશા તરફ તેમનું લક્ષ્ય દોરવા લક્ષ્મીના સાચા સ્વરૂપના વર્ણનની અને તેના લોભના પરિણામના દૃષ્ટાંતની ઘણી અગત્ય છે.**

પ્રાચીન કાળમાં એક ગામમાં એક ગરીબ વિપ્ર વસતો હતો, જેને બે પુત્રો હતા. બ્રાહ્મણ બિચારો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલો બધો ગરીબ કે બે ચાર ગામ ભિક્ષાવૃત્તિ કરે ત્યારે માંડ બે ટંકના રોટલા થાય. કોઇ વાર એક જ ટંક ખાવાનું મળે. કયારેક તો બબ્બે ચાર ચાર દિવસના કડાકા થાય.

બ્રાહ્મણના બન્ને દીકરાઓએ મોટા થઇ વિચાર કર્યો. આમ ગામમાં ભૂખે મરવા કરતાં ચાલોને પરદેશ ખેડી આપણું નશીબ અજમાવીએ! એમ વિચારી બન્ને ખભે ઝોળી ભરાવી ચાલતા થયા. ચાલતા ચાલતા તેઓ એક ગામથી બીજે ગામ ભટકવા લાગ્યા અને ફરતા ફરતા એક દિવસ તેઓ **સુંદરપુર** નામની સારી સમૃદ્ધિશાળી નગરીમાં આવી પહોંચ્યા.

આ શહેરમાં **કુરુચંદ્ર** નામે રાજા રાજ્ય કરે છે. રાજાને રૂપરૂપના અંબાર જેવી ગુણવતી અને શીલવતી **સૌભાગ્યસુંદરી** નામની કન્યા હતી. તે અનેક વ્રત-તપ કરતી, તે પૂર્ણ થતાં વ્રત ઉજવવાનો પ્રસંગ આવ્યો એટલે કુંવરીએ નગરીમાં ઢંઢેરો પીટવ્યો કે, “જે બાળબ્રહ્મચારી હોય, પહેલા કદી આ નગરમાં આવ્યો ન હોય અને સુંદર તેજસ્વી મુખવાળા હોય એવા બે બ્રાહ્મણ વ્રત ઉજવવાની વિધિ કરાવે.”

ઢંઢેરો સાંભળી બન્ને બ્રાહ્મણ રાજવાડામાં ગયા. કુંવરી તો તેમને જોઇ રાજી થઇ ગઇ, “વાહ! શું બ્રહ્મતેજ છે, એમના મુખ ઉપર?” કુંવરીએ બે સોનાના કળશમાં સોનામહોરો ભરી પૂજાનો થાળ તૈયાર કર્યો. બન્ને બ્રાહ્મણોએ વિધિપૂર્વક વ્રત ઉજવવાની પૂજા કરાવી. રાજપુત્રીએ બન્નેને સોનામહોરોથી ભરેલા કળશનું દાન આપ્યું અને જાતજાતના મિષ્ટાન્ન ભોજન જમાડ્યા. બન્ને ભાઇઓ ભોજન કરી, દક્ષિણા લઇ અને કુંવરીને આશીર્વાદ આપી ચાલતા થયા.

**પહેલો ભવ**—બન્ને જણ ચાલતા ચાલતા નદીને કાંઠે આવ્યા અને સોનામહોરોથી ભરેલા કળશ રેતીના ભાઠામાં ખાડા ખોદી દાટ્યા. પછી કમાવા માટે બીજે ગામ જવા રવાના થયા. ચાલતા ચાલતા મોટા ભાઇના દિલમાં પાપ જાગ્યું. રસ્તામાં ભર જંગલ આવ્યું. તેમાં એક જૂનો ભાંગલો કૂવો હતો. મોટા ભાઇએ નાના ભાઇને કહ્યું, “ભાઈ! મને તરસ લાગી છે. તરસથી મારા પ્રાણ જાય છે, માટે પાણી લાવીને પા.” નાનો ભાઇ લેટો લઇ પાણી લેવા ચાલતો થયો. એ કૂવામાં નીચો નમી જ્યાં જોવા ગયો ત્યાં એના મોટા ભાઇએ એને પાછળથી ધક્કો માર્યો. પણ નાના ભાઇએ પડતાં પડતાં મોટાભાઈના પહેરણનો છેડો ઝાલી રાખ્યો, એટલે નાના પાછળ મોટો ભાઇ પણ કૂવામાં પડ્યો. બન્ને ભાઇ તત્કાળ મરણ પામી સાપ તરીકે જન્મ્યા.

**બીજો ભવ**—જ્યાં સોનામહોરો દાટી હતી એ જગ્યાએ બેય સાપ ફેણ ચડાવી બેસી રહે છે. અને જે કોઈ ત્યાં જાય એને ડસવા ધસે છે. કોઇ ન હોય તો બન્ને સામ-સામા ફૂંફાડા મારે છે અને લડે છે.

**ત્રીજો ભવ**—ત્યાર બાદ બન્ને સાપ મરણ પામી ઉંદર થયા.

**ચોથા ભવમાં** તેઓ હરણ થયા. ઉંદરના અને હરણના ભવમાં તેઓ પરસ્પર વૈર રાખતા. ચોથા ભવમાં હરણ (બન્ને) જંગલમાં ચરતા હતા ત્યાં એક શિકારીએ તીર માર્યું. વીંધાઇને બન્ને મર્યા અને કૌસામ્બી નગરીમાં એક બ્રાહ્મણના બે પુત્રો થયા.

**પાંચમો ભવ**—બ્રાહ્મણના પુત્રો થયેલા બન્ને ભાઇઓ ખેતરે ગયા. ખેતર પાસે તેમના આગલા ભવમાં દાટેલો ખજાનો (સોનામહોરોથી ભરેલા બે કળશ) હતો. એ જગ્યાએ આવતા વેંત બન્ને ભાઇ વચ્ચે ઝઘડો શરૂ થયો. બોલાચાલી કરતા બન્ને મારામારી પર આવી ગયા. પણ ત્યાં આજુ-બાજુના માણસો આવી પહોંચ્યા અને બન્નેને છોડાવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે બન્ને ભાઈ દર વખતે ખેતરે જાય ત્યારે લડે અને ઘેર આવે ત્યારે ઝગડો ભૂલી જાય અને સંપથી રહે. ઘરના માણસોએ આનો ખૂબ વિચાર કર્યો, પણ આનું કારણ સમજાયું નહિ. માતાપિતાને આથી અપાર ચિંતા થવા લાગી.

એકદા ત્રિકાળ જ્ઞાની જૈન મુનિ તેમને ઘેર આવ્યા. બન્ને ભાઈઓએ હાથ જોડી ઝગડાનું કારણ પૂછ્યું. મુનિએ જણાવ્યું. આ પહેલા આગલા ભવમાં તમે બન્ને ભાઈ હતા. તમને રાજદરબારમાંથી મળેલ ધન તમારા ખેતર પાસે દાટયું હતું. મોટા ભાઈએ ધનના લોભે નાના ભાઈને કૂવામાં ધક્કો માર્યો, પણ નાના ભાઈએ પડતા પડતા મોટા ભાઈના કપડાનો છેડો ઝાલી લેતાં તે ય કૂવામાં પડ્યો. આથી તમારા બેય ભાઈ વચ્ચે ગયા ભવના વૈરના કારણે ઝગડો થાય છે. ધનનો લોભ એ બૂરી ચીજ છે. એ સાનભાન ભૂલાવી દે છે. દુર્ગતિએ ધકેલે છે.

જ્ઞાની મુનિની આ વાત સાંભળીને બન્ને ભાઈઓને પારાવાર પસ્તાવો થયો. તેઓ, જ્યાં સોના મહોરોના ભરેલા કળશ દાટ્યા હતા ત્યાં ગયા અને તે ખોદી કાઢીને ગરીબગરબાને તેનું દાન કર્યું. ત્યારપછી બન્ને વિપ્રપુત્રોએ સંસારનો ત્યાગ કર્યો અને સાધુજીવન ગાળીને તેઓ સ્વર્ગે ગયા.

લક્ષ્મીને દુઃખોનું નિમિત્ત, માનસિક ખેદ અને શારીરિક શ્રમનું કારણ અને અસાર જાણીને ત્યાગી મહાત્માએ તેને સર્વથા ત્યજેલી છે. બુદ્ધિમાન ધર્મીગૃહસ્થો ધનમાં કદાપિ ગૃદ્ધિ કરતા નથી. **તેઓ અન્યાયથી ધન કમાવા પ્રવર્તતા નથી અને ઉપાર્જિતમાં તૃષ્ણાવાળા થતા નથી, પણ ધનને આવું દુષ્ટ જાણી વિશુદ્ધ મનથી પરિગ્રહપરિમાણ વ્રત સ્વીકારે છે. "જે મારે આવકમાંથી અધિક અર્ધભાગ તો ધર્મમાં વાપરવો અને બાકીનાથી જેમ તેમ ઘરખરચ નભાવી લેવું." એમ વિચારી તેઓ ( ધર્મીગૃહસ્થો ) લક્ષ્મીને યથાયોગ્ય પણ સાત ક્ષેત્રમાં ખર્ચે છે. અને એ યોગ્ય ધર્માચરણ કરી માનવભવને સફલ કરી સુગતિ પામે છે.**

**જીવનમાં લક્ષ્મી સંબંધમાં યોગ્ય કરવાનું આ દૃષ્ટાંતથી અને વર્તનથી સમજી જ્ઞાનીની આજ્ઞા મુજબ જ જીવન ઘડવાનું સુજ્ઞને વ્યાજબી જ લાગશે.**

---

## ત્રણ પ્રકારના માણસો

પહેલા પ્રકારના માણસોને સંયોગો ઘડે છે, અને એ માણસ સંયોગોના પ્રવાહમાં તણાય છે.

બીજા પ્રકારના માણસો સંયોગોનો સામનો નથી કરી શકતા, તેમ તે સંયોગોના પ્રવાહમાં તણાતા પણ નથી; એટલે તે સંયોગોથી દૂર ભાગે છે અને એકાંતમાં જઈ પોતાની સાધના કરે છે.

ત્રીજા પ્રકારના માણસોને સંયોગો નથી ઘડતા પણ એ સંયોગોને ઘડે છે. અવસરે મક્કમતાપૂર્વક સંયોગોનો સામનો કરીને પણ, એ સંયોગો પર કાબૂ-વિજય મેળવે છે. આવો માનવી જ સંયોગો પર, અને કાળ ઉપર, જગત્ ઉપર પોતાની પ્રતિભાની ચિરસ્થાયી છાપ પાડી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રુચિકર અને હિતકર

( લેખકઃ—'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ, માલેગામ. )

આપણે નિત્ય મનથી, વચનથી અને શરીરથી અનેક ક્રિયાઓ કરતા રહીએ છીએ. ઇચ્છાએ કે અનિચ્છાએ, સહેતુક અગર નિર્હેતુક પણ ક્રિયાઓ કર્યે જ જઇએ છીએ. સાવધાનપણે કે નિરવધાનપણે પણ આપણી ક્રિયાઓ તો અનિર્બંધ ચાલ્યા જ કરે છે. નિષ્ક્રિય તો આપણે રહી જ શકતા નથી. એમાં મુખ્ય કારણ આપણું મન એ જ છે. મનને વાંદરાની ઉપમા એટલા માટે જ આપવામાં આવે છે. વાંદરાનો સ્વભાવ ચંચલ હોય છે. એ હમેશ કાંઇ ને કાંઇ ખટપટ કર્યે જ જાય છે. તેમ આપણું મન પણ નિશ્ચલ રહી શકતું નથી. તેથી જ તે સ્ખલનશીલ કહેવાય છે. અને યોગીઓ એ મનને તાબે રાખવા માટે ધ્યાન, ધારણાદિ યોગ સાધનોનું અવલંબન કરે છે, અને મનની ચંચલતાને અટકાવવા મથે છે. અને જ્યારે મનોલયની સિદ્ધિ તેઓ સાધી શકે છે ત્યારે જ તેઓ આત્માનો સાચો તરવાનો માર્ગ મેળવી લ્યે છે.

આપણી દરેક હિલચાલ રુચિકર અથવા હિતકર એ બે પંક્તિમાંથી એકમાં મુકાઇ જાય છે. સામાન્ય રીતે આપણે રુચિકર કાર્ય કરવાને ઉદ્યુક્ત થઇએ છીએ. કારણ કાર્ય ઇંદ્રિય વિલોભનજન્ય હોય છે. જ્યારે આપણે આત્મોન્મુખ દૃષ્ટિ ધારણ કરતા થઇ જઇએ ત્યારે કદાચિત્ એ રુચિકર કાર્ય પણ હિતકર થઇ જાય એ વસ્તુ જુદી છે. પણ સામાન્ય રીતે આપણો માર્ગ રુચિકર એટલે ઇંદ્રિયોને સુખકારક લાગે એવો જ હોય છે. અને એ માર્ગ દીર્ઘદૃષ્ટિએ અંતમાં આપણા આત્માને અહિતકર જ હોવાનો સંભવ છે.

ઘણા અનુભવો અને અખંડ જ્ઞાનને પ્રતાપે જ્ઞાની સંતપુરુષોએ પોતાનો અનુભવ જ્ઞાનની કસોટી ઉપર કસી જે સૂત્રરૂપ વચનો સંક્ષેપમાં સંચિત કરેલાં હોય છે તે જ શાસ્ત્રો ગણાય છે. એ વચનોમાં કે સૂત્રરૂપી નિયમોમાં સ્ખલનનાં સ્થાનો નોંધી રાખેલાં છે. પ્રથમ દર્શને એ સ્થાનો વાસ્તવિક રીતે રુચિકર લાગે છે પણ પરિણામે અહિતકર હોય છે, તે તરફ અંગુલિનિર્દેશ કરી જ્ઞાનીઓએ તેનો અંતિમ પરિપાક કેવો કટુ હોય છે તે બતાવેલો હોય છે. કોઈ લાંબી સડક બાંધેલી હોય છે તેને સ્થળે સ્થળે માઇલના પત્થરો ગોઠવેલા હોય છે, તેમ વાંકા સ્થાનો કે ભીતિસ્થાનો બતાવવા માટે અમુક જાતની નિશાનીઓ ગોઠવેલી હોય છે. એનો એ અર્થ થાય કે, પૂર્વાનુભવી લોકોએ અનુગામીઓ માટે એ પોતાનો અનુભવ જણાવી તેમને સાવધાન રહેવા સૂચના કરેલી છે. એ સૂચનોનો લાભ મેળવી આપણે સાવધ થઇ તે તે ભયસ્થાનોથી બચવું જોઇએ, અને આપણે અવળે માર્ગે ચઢી ન જઇએ તેવી તકેદારી રાખવી જોઇએ. એ રીતે માર્ગસૂચન કરનારા અનુભવી દ્રષ્ટા હોઇ અનુગામીઓના હિતસ્વી છે એ વસ્તુ આપણા ધ્યાન બહાર રહેવી ન જોઇએ. એ માર્ગદર્શન આપનારાઓ આપણા અનંત ઉપકારી અને પરમ કારુણિક હતા એ વસ્તુ આપણે કેમ ભૂલી શકીએ ? એવું માર્ગદર્શન આપવામાં એમને કોઇ જાતનો અંગત સ્વાર્થનો કે વિલોભનનો હેતુ હતો એમ તો પરમ નાસ્તિક પણ કહી ન શકે.

કોઇ મનુષ્ય રોગગ્રસ્ત હોય છે. એને અનેક વસ્તુઓ કે જે એનો રોગ વધારવામાં કારણભૂત હોય છે તે તેને ખાવી ગમે છે. અને તાત્કાલિક સુખની આશામાં એ એવી વસ્તુઓ ખાય છે. ક્ષણવાર સમાધાન મેળવે છે અને અંતે વધુ દુઃખને નોતરે છે. પાછળથી પસ્તાય છે, પણ એ પસ્તાવો કવખતનો હોય છે. એક માણસને વિષૂચિકા-( cholera )નો રોગ થયો. વૈદ્યની સવેળાએ કરેલી સારવારને લીધે એ લગભગ સાજો થયો. એને પૂરણવાળી રોટલી ખાવાનું મન થયું. વ્હાલી ફૈઇબાએ છુપી રીતે એક નાની સરખી પુરી જેવડી ઘી નિતરતી પૂરણવાળી રોટલી લાવી આપી. એ રોટલી પેટમાં ઉતરતાની સાથે રોગે ઉછાળો ખાધો. વૈદ્ય



For Private And Personal Use Only

આવ્યા. દરદીએ પોતાની ભૂલનો એકરાર કર્યો પણ રોગ ક્ષમા કરવાનો થોડો જ હતો ? રોગે પોતાનું કાર્ય કરી નાખ્યું અને અંતે એ મરણ શરણ થયો. હવે એણે પોતે મરી આપણને શીખવેલો પાઠ ભૂલી જવાનું સાહસ જો આપણે કરીએ તો આપણી પણ એ જ દશા થાય ને ? નાનાં બચ્ચાંઓ વખતે કવખતે ભયસ્થાનોમાં રમવા દોડે ત્યારે તેમની માતાઓ તેમને રોકે છે. તેમને રુચિકર એવું કાર્ય છતાં તેમના માટે એ કાર્ય અહિતકર છે એમ જાણી એમના ઉપર ગુસ્સો કરી કે છેવટ તેમને સોટી મારી પણ એ અંતે અહિતકર લાગતું કાર્ય કરતા રોકે છે. એમાં એ માતાની એકાંત હિતબુદ્ધિ જ કાર્ય કરે છે એ સ્પષ્ટ છે. એમ જાણી આપણે જે માર્ગ સેવીએ છીએ એ રુચિકર છતાં હિતકર છે કે નહીં તેની તપાસ કરવી રહી. એવી રીતે તપાસ કર્યા વિના આપણે અંધારામાં ભૂસકો મારીએ તો નિસર્ગ પોતાનું કાર્ય તો કરી જ લેશે. નિસર્ગના નિયમોનો ભંગ તો જ્ઞાનીઓ પણ કરી શકતા નથી.

અભક્ષ્ય ભક્ષણ કે અપેય પાન આપણે કરીએ અને એમ કરવાથી વિકૃતિ ઉત્પન્ન થાય ત્યારે પછી આપણે હાય ઓય કરીએ એનો કાંઇ અર્થ જ નથી. અગ્નિને અડીએ અને તરત જ આપણે દાઝી જઇએ અને દુઃખ અનુભવીએ ત્યારે અગ્નિથી આપણે ચેતીને ચાલીએ છીએ. પણ અનેક રુચિકર લાગતાં કાર્યો એવાં હોય છે કે તેનું ફળ મળતાં ઘણો કાળ વચમાં જવાનો હોય છે. તેનો કાળ પાકયા વગર તેનું ફળ મળતું નથી. અને તેને લીધે આપણે એવાં કાર્યો કરવાથી અચકાતા નથી. એવાં રુચિકર કાર્યો અંતે અહિત કરનારાં નિવડવાનાં તો છે જ. પણ ક્ષણિક લાલસાને વશ થઈ આપણે એવાં કાર્યો કર્યે જ જઇએ છીએ. આપણે જે જે કાર્યો કે કર્મો કરીએ છીએ તે તે હવામાં નષ્ટ થવાના નથી, પણ આપણા આત્મા સાથે જાણે ઓતપ્રોત થઇ તેના અનંત દળીઆ બંધાય છે. અને એવા દળીઆઓ એકત્ર થતા તેની આકૃતિ વિસ્તીર્ણ થાય છે અને તેમાં રહેલી મનની ચિકાસ મળતાં તે પ્રચંડકાય રાક્ષસ જેવું રૂપ ધારણ કરે છે. અને પછી અનેક પ્રકારની વિડંબનાની શરૂઆત થાય છે. એને જ કર્મનો ઉદય કહેવામાં આવે છે.

રમતગમતમાં ચિત્ત ચોટેલું હોવાને લીધે બાળકોને રમવાનું જ ગમે છે. એ કાર્ય રુચિકર લાગે છે. વાસ્તવિક એ કાળ અમૂલ્ય હોઇ હિતકર એવી વિદ્યા મેળવવાનો હોય છે, પણ એને હિતકર શું છે એનું ભાન નહીં હોવાને લીધે તાત્કાલિક રુચિકર લાગતી રમત એને ગમે છે. અને એ બાલ્યકાળ રમતમાં ગુમાવવા પછી એને પશ્ચાત્તાપ થાય છે. એટલે જ અમો કહીએ છીએ કે, રુચિકર લાગતું કાર્ય હિતકર હોય જ એવો નિયમ નથી. એ ઓળખી રુચિકર નહીં પણ હિતકર એવા કાર્ય તરફ આપણે પ્રવૃત્તિ કરવી છે.

ધર્મશાસ્ત્રકારે હિતકર કાર્યપ્રવૃત્તિના નિયમો ઘડી કાઢેલા હોય છે. અને રુચિકર લાગતા અહિતકર કાર્યો ટાળવાના નિયમો પણ બતાવેલા છે, તો આપણે વખતસર બધું જાણી લઈ આત્માને હિતકર એવા કાર્યની પ્રવૃત્તિ આદરીએ. કેવળ રુચિકર લાગતી ઠગારી પ્રવૃત્તિ છોડવી એ જ ઉચિત છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે

# ચોવીશમા તીર્થંકર શ્રી સંપ્રતિ જિન સ્તવન-સાર્થ

( સં. ડાક્ટર વલ્લભદાસ નેણસીભાઈ-મોરબી )

**સંપ્રતિ જિનવર પદ નમી ભવિ ધ્યાવો રે,**
**સાધો શુદ્ધ નિજ સાધ્ય પરમ પદ પાવો રે;**
**અતીત સમય ચોવીશમા ભ૦**
**પ્રભુ સમ હો નિરૂપાધ્ય પ૦ ૧.**

સ્પષ્ટાર્થઃ-ગત 'ચોવીશીના ચોવીશમા તીર્થંકર સંપ્રતિ જિનવરના પદકમલમાં નમસ્કાર કરી હે ભવિ જીવો ! તમે સિદ્ધ સમાન નિજ શુદ્ધ સાધ્ય ધ્યાઓ, સાધનાકારક પ્રવૃત્તિએ કરીને શુદ્ધ સાધ્ય સાધો-સિદ્ધ કરો. મન, વચન, કાય ત્રણે યોગ સ્થિર કરી, સ્વપરિણતિ શુદ્ધ સાધ્યમાં એકત્વપણે લયલીન કરી નિર્મલ ધ્યાને શુદ્ધ સાધ્ય ધ્યાયો કે જેથી શાશ્વત પરમાત્મપદ પામો એટલે પ્રભુજી સમાન ઉપાધિ રહિત થાઓ. (૧)

**શુદ્ધ સાધ્ય જાણ્યા વિના ભવિ૦**
**સાધ્યા સાધ્ય અનેક પ૦**
**આણા વિણુ નિજ છંદથી ભવિ૦**
**સુખ પામ્યો નહિ છેક પ૦ ૨**

સ્પષ્ટાર્થઃ-શુદ્ધ સાધ્ય જાણ્યા વિના અસાધ્ય એવી પુદ્ગલપરિણતિ જે સ્ત્રી, પુરુષ, સંતાન, લોહી, વીર્ય, હાડ, માંસ, ધન આદિ સાધવાને અનેક પ્રકારે શ્રમ કર્યા, મન, વચન, બલ, બુદ્ધિ પ્રવર્તાવી, પણ તે પુદ્ગલપરિણતિ આપણે વશ થઈ નહીં, તેથી કર્મ બંધ કરી, ચાર ગતિ સંસારસાગરમાં ભમ્યો, દુઃખ સહ્યાં, અને મોક્ષ સાધવા સ્વચ્છંદતાએ અને જિનવચનથી અજ્ઞાન પુરુષોના કહ્યા પ્રમાણે ઘણાં ક્રિયા-કષ્ટ કર્યાં અને જિનમાર્ગમાં કહ્યા પ્રમાણે પણ સાધ્યશૂન્ય એકાંતે ક્રિયા સાધી. તેથી કેવલ સંસાર સધાયો અને નિવૃત્તિરૂપ સાચું સુખ લેશ પણ પામ્યો નહિ. (૨)

**સ્યાદ્વાદ પ્રભુ વચનથી ભવિ૦**
**લહી શુદ્ધાતમ સાધ્ય પરમ૦**
**શુદ્ધ સાધના સેવતાં ભવિ૦**
**નાશે સર્વ ઉપાધ પરમ૦ ૩**

સ્પષ્ટાર્થઃ-પ્રભુજીના સ્યાદ્વાદમય વચન સાંભળી, શુદ્ધાતમ સાધ્ય જાણી, શુદ્ધ સાધના સેવીએ-સાધીયે, તો સકલ કર્મ ઉપાધિ નાશ પામે. (૩)

**નિર્મળ સાધ્ય સ્વરૂપ એ ભવિ૦**
**મુજ સત્તાગત એમ પરમ૦**
**શુદ્ધ ધ્યેય નિજ જાણીને ભવિ૦**
**ધ્યાતા શિવપદ ક્ષેમ પરમ૦ ૪**

સ્પષ્ટાર્થઃ-જેવું પ્રભુજીનું શુદ્ધ સ્વરૂપ છે તેવું જ મારું નિર્મળ સાધ્ય મારી સત્તાગતે છે તે સાધી, પ્રગટ વ્યક્તિ ભાવમાં લાવવું એ જ ઉમેદ કરો. પોતાનું શુદ્ધ ધ્યેય જાણીને યથાર્થ સાધકતાપણે ધ્યાઈએ તો ક્ષેમ-કુશળે શિવપદ પામીએ. (૪)

**એ વિણુ અવર ન સાધ્ય છે ભ૦**
**સુખકારણ જગમાંહિ પરમ૦**
**શુદ્ધ ધ્યેય નિજ સાધના ભ૦**
**સાધન શુદ્ધ ઉછાંહિ પરમ૦ ૫**

સ્પષ્ટાર્થઃ-સિદ્ધ સમાન નિર્મળ આત્મસાધ્ય સિવાય પરમ સ્વતંત્ર સુખનું કારણ જગતમાં બીજું કાંઈ સાધ્ય નથી. અને મોહદૃષ્ટિએ જગતમાં જે જે રૂપી સાધ્યો જણાય છે, તે સર્વ પરતંત્રતા અનિવૃત્તિ, ચપલતા, સભરતા આદિ દુઃખના કારણ છે એમ જાણવું. નિજ શુદ્ધ ધ્યેય સાધવા આત્મવીર્યે કરીને શુદ્ધ સાધનામાં મને ઉત્સાહ છે અને સર્વ ભવ્યો પણ એમ ઉત્સાહ-ઉમંગ રાખે. (૫)

**રત્નત્રયી વિણુ સાધના, ભવિ૦**
**નિષ્ફલ જાણુ સદાય પરમ૦**
**રત્નત્રયી શિવ સાધના ભવિ૦**
**સાધિ ભવિ શિવ થાય પરમ૦ ૬**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્પષ્ટાર્થ:**-આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્મ-સ્વભાવચરણ એ ત્રણેને રત્નત્રયી કહેવાય. એથી ભિન્ન અન્ય સાધના સહાય નિષ્ફલ જાણવી. જેમ ખસવાળાએ ખંજવાળીને સુખ માની લીધું પણ એણે કોઈ સુખ સાધ્યું નથી. આત્માના આત્માથી અભેદપણે રહેલા જ્ઞાન-દર્શન-ચરણ ગુણો તે અજ્ઞાન, મિથ્યાત્વ અને મોહવશે મલિન થયેલા છે તે અતિચાર ટાળી, જ્ઞાન દર્શન ચરણ આરાધી, નિર્મલ કરવા એ જ રત્નત્રય મોક્ષસાધના સાધી ભવિજીવો મોક્ષ પામે છે. ( ૬ )

**શુદ્ધાતમ જાણ્યા વિના ભવિ૦**
**પરપદ મમત ઉપાય પરમ૦**
**રાગાદિક વશ જીવ એ ભવિ૦**
**કીધા અનેક ઉપાય પરમ૦ ૭**

**સ્પષ્ટાર્થ:**-જ્યાંસુધી આત્મશુદ્ધતા જાણી નથી ત્યાંસુધી પરપદમાં મમત ઉપજે છે, તેથી રાગ, દ્વેષ, મોહાદિ વશ થઇ જીવે પોતાને અનંત દુ:ખ ઉપજે એવા ઉપાય ખડાં કર્યાં છે. ( ૭ )

**તુજ વાણીથી મેં લહ્યા ભવિ૦**
**નિજ ગુણ દ્રવ્ય પ્રજજય પરમ૦**
**પરગુણ દ્રવ્ય પ્રજજાયનું ભવિ૦**
**મમત તજે સુખ થાય પરમ૦ ૮**

**સ્પષ્ટાર્થ:**-તમારી વાણીવડે પર દ્રવ્ય ગુણ-પર્યાયથી ભિન્ન નિજ દ્રવ્યગુણપર્યાય જાણ્યા તેથી જાણું છું કે પર દ્રવ્ય ગુણપર્યાયનું મમત તજવાથી જ સર્વે દુષ્ટ ઉપાયોનો નાશ થઇ સ્વતંત્ર સુખ પ્રગટ થશે. ( ૮ )

**જાણ્યું આત્મસ્વરૂપ મેં ભ૦**
**વળી કીધું નિરધાર પરમ૦**
**ચરણે નિજ ગુણ રમણમાં ભવિ૦**
**તજી પર રમણપ્રચાર પરમ૦ ૯**

**સ્પષ્ટાર્થ:**—મેં આત્મસ્વરૂપ જાણ્યું અને સિદ્ધાંત, નયો, પ્રમાણો અને મારી બુદ્ધિવડે નિર-ધાર કર્યું. હવે પરરમણનો ચાળો તજી શુદ્ધ સ્વ-ભાવાચરણે નિજ ગુણરમણ કરું એ મારી ઇચ્છા છે. ( ૯ )

**ધીર વીર નિજ વીર્યને ભ૦**
**રાખી અચલ ગુણ ઠામ પરમ૦**
**પરસંગે ચલ નવિ કરું ભ૦**
**નહિ પરથી નિજ કામ પરમ૦ ૧૦**

**સ્પષ્ટાર્થ:**—ધીર વીર થઇ નિજાત્મ વીર્યને સ્વસ્વભાવમાં સ્થિર રાખી. એટલે જ્ઞાન, દર્શનાદિ નિજ ગુણસ્થાનકમાં વીર્ય અચલપણે રાખી, પુદ્-ગલાદિ પરસંગે વીર્ય ચલાયમાન કરું નહીં, કેમકે મારે પરદ્રવ્યથી કાંઇ કામ નથી. હે મોક્ષાભિલાષી ભવ્યો ! તમે સર્વે એ જ પ્રમાણે શુદ્ધ સાધ્ય સાધો. ધીર પુરુષોનો એ જ માર્ગ છે. વિષય કષાયાદિકે ધૈર્ય રાખી શકતા નથી તે શીલ માર્ગ શી રીતે સાધી શકે ? માટે વીર્ય અચલ રાખવું એ જ શ્રેય છે. ( ૧૦ )

**પુદ્ગલ ખલ સંગે કર્યું ભ૦**
**આત્મવીર્ય ચલ રૂપ પરમ૦**
**જડ સંગે દુખિયો થયો ભ૦**
**થઇ બેઠો જડ ભૂપ પરમ૦ ૧૧**

**સ્પષ્ટાર્થ:**—જીવોએ અચેતન જડ એવા ખલ પુદ્ગલ સંગે આત્મવીર્ય ચલ કર્યું તેથી જડ પુદ્-ગલોમાં મળી, જડતાવત્ જડ થઇ બેઠો, તેથી અન-અધિકારી છતાં જડ પદાર્થોનો અધિકારી-ભૂપ-રાજા થઇ બેઠો તેથી મહાન દુખીયો થયો. ( ૧૧ )

**દરશન જ્ઞાન ચરણ સદા ભ૦**
**આરાધો તજી દોષ પરમ૦**
**આતમ શુદ્ધ અભેદથી ભ૦**
**લહિયે ગુણ ગણપોષ પરમ૦ ૧૨**

**સ્પષ્ટાર્થ:**—દર્શન, જ્ઞાન અને ચારિત્રને એ ત્રણેના આઠ આઠ દોષ અને પ્રમાદ તજી સદા આરાધો. આત્મઅંગના અને આત્મગુણના વ્યવહારથી જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા મુખ્ય ત્રણ ભેદ છે. અને નિશ્ચયથી આત્મા રત્નત્રયીથી અભેદપણે એક જ છે એમ ત્રણે ગુણો આત્માથી અભેદપણે ધ્યાઇએ તો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્વિકલ્પ ધ્યાન અને અનંત નિર્મલ ગુણોનો પુષ્ટ આનંદ આવે. ( ૧૨ )

**દરશન જ્ઞાન વિરાધના ભવિ૦**
**તેહિ જ ભવ ભય મૂલ પરમ૦**
**નિજ શુદ્ધ ગુણ આરાધના ભવિ૦**
**એ શિવપદ અનુકૂલ પરમ૦ ૧૩**

**સ્પષ્ટાર્થ**:–દર્શન, જ્ઞાન, ચરણમય આત્મ ગુણ-વિરાધના તેજ કર્મબંધનું કારણ અને ભવભયનું મૂલ છે. આત્માથી પ્રતિકૂલ છે. પૂર્વાપરહિતકારી નથી અને દર્શન, જ્ઞાન, ચરણ, આદિ શુદ્ધાત્મ ગુણનું આરાધવું એ જ શિવમાર્ગ અનુકૂળ છે તો મુખ્ય એ ભાવ હૃદયમાં ધારો, એ જ સાધ્ય જાણી એની પ્રશસ્તાએ ક્રિયા આદરવી અને એ સાધ્યથી અપ્રશસ્તપણે જે ક્રિયા હોય તે તજવી. ( ૧૩ )

**શુદ્ધ સ્ફટિક સમ સાધ્ય નિજ ભવિ૦**
**સાધે રાગ સહિત પરમ૦**
**સાધ્ય અપેક્ષા વિણ ક્રિયા ભવિ૦**
**કષ્ટ કર્યે નહિ હિત પરમ૦ ૧૪**

**સ્પષ્ટાર્થ**:–શુદ્ધ સ્ફટિકમણિ સમાન સત્તાગતે રહેલો શુદ્ધાત્મ સ્વભાવ સાધ્ય છે, અને રાગાદિકે થયેલી અશુદ્ધતાવડે દબાઇ, જે આત્મશુદ્ધતા તે રાગાદિક અશુદ્ધતા જેમ જેમ તજીયે, તેમ તેમ શુદ્ધતાના અંશ પ્રગટ થાય તે જ સિદ્ધિ જાણવી, તો રાગ રહિત થઇ સમભાવે શુદ્ધતા સાધવી. પ્રથમ સિદ્ધસ્વરૂપરૂપ શુદ્ધતા ધ્યેય ધ્યાનમાં રાખી તે શુદ્ધતાને પ્રશસ્તપણે ઉપયોગ સ્થિર રાખવામાં દ્રઢતા વધારવી, જે જે અપ્રશસ્ત ભાવોથી ઉપયોગ ચલાયમાન થતો હોય, તે તે અપ્રશસ્ત ભાવો તજવા એમ સિદ્ધિ થાય. પણ સાધ્ય નિરપેક્ષ ક્રિયાકષ્ટ કરવાથી કાંઇ હિત થાય નહિ પણ ઉલટું ભવભ્રમણાદિ અહિત વધે. ( ૧૪ )

**પરમ દયાલ કૃપાલુઆ ભવિ૦**
**દેવચંદ્ર શિવરૂપ પરમ૦**
**શિવ કમલા મનસુખ લહે ભવિ૦**
**શાશ્વત આત્મસ્વરૂપ પરમ૦ ૧૫**

**સ્પષ્ટાર્થ**:–પરમ દયા અને કૃપાવંત દેવમાં ચંદ્રમા સમાન સંપ્રતિ જિનવર પોતે શિવરૂપ છે, તેમની આજ્ઞા મનમાં સુખે કરી સેવતાં શિવલક્ષ્મી પામીએ, એમ શાશ્વત આત્મસ્વરૂપ પામીએ. ( ૧૫ )

## પ્રતિજ્ઞાભંગ

એ દિવસ તું કેમ ભૂલી ગયો? જ્યારે તારું શરીર રોગોથી ઘેરાઇ ગયું હતું ને પલંગમાં પડ્યો પડ્યો તું આ રીતે ગણગણતો હતો : "હે ભગવાન! મને બચાવ. હું સાજો થઇશ એટલે તારું ધ્યાન ધરીશ, પરોપકાર કરીશ, ધર્મની આરાધના કરીશ, સદાચાર ને સદ્‌વિચારમાં જિંદગી વ્યતીત કરીશ."

અને આજે તું સાજો થયો એટલે એ પ્રાર્થનાને સાવ વિસારી ગયો? ભલા માનવ! આના જેવું બેવચનીપણું બીજું કયું હોઇ શકે? પણ યાદ રાખજે, આ બેવચનીપણાથી કુદરતની ક્રૂર મશ્કરી કરનારને કુદરત પણ ક્રૂર રીતે જ શિક્ષા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકપ્રિય થવાની કળા

લે૦—વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંકથી ચાલુ )

મનુષ્યનું નૈસર્ગિક બંધારણ જ એવું છે કે તે એકલો રહી શકતો જ નથી. તેના ઉત્તમોત્તમ જીવનનો ઘણોખરો ભાગ તે બીજાઓ પાસેથી જ મેળવે છે. તે બીજાના સહવાસ વગર રહી શકતો નથી, અને જ્યારે તે બીજાનો સહવાસ તજી દે છે ત્યારે લગભગ તેનું અર્ધું બળ ગુમાવે છે. એવો એક નિયમ છે કે બીજાના પરિચયમાં આવીને જ્યારે માણસ જાણે છે કે પોતાની અને અન્યની વચ્ચે જીવનોપયોગી અગત્યનો સંબંધ છે, તેઓના વિચારો અને જીવન પોતામાંથી વહે છે–ઊછળે છે અને પોતાના વિચારો તથા જીવન તેઓમાંથી વહે છે ત્યારે જ તેને મોટો કહી શકાય છે.

દ્રાક્ષના ગુચ્છ વૃક્ષ પરથી કાપી નાખવામાં આવે છે કે તરત જ તે ચીમળાવા લાગે છે, જેનાથી તેનું પોષણ થાય છે તે લઇ લેવામાં આવે છે કે તે જ ક્ષણે તે તદ્દન નીરસ, શુષ્ક અને નિઃસત્વ થઇ જાય છે. જે ગુણ ગુચ્છમાં રહેલો છે તે દ્રાક્ષના વૃક્ષના ભૂમિ સાથેના સંબંધથી તેની અંદર આવે છે, અને જ્યારે તે પોષણ અને બળના સાધનોનો ઉચ્છેદ કરવામાં આવે છે ત્યારે તે પ્રાયશઃ મૃતવત્ થઇ જાય છે. જગતરૂપી મહાન દ્રાક્ષલતા ઉપર માણસ એક ગુચ્છ સમાન છે. તેના સહચારીથી તે અલગ રહેવા માગે છે કે તરત તે ચીમળાવા લાગે છે. માનવજાતના એકી ભાવમાં જ એવી કંઇક વિલક્ષણતા રહેલી છે. જેવી રીતે હીરાના પરમાણુઓને એક બીજાથી ભિન્ન કરવાથી તેમાં રહેલા સંયુક્તપણાના ગુણનો નાશ થાય છે, તેવી જ રીતે સમષ્ટિથી અલગ રહેવાથી વ્યક્તિને આત્મશક્તિનું ભારે નુકશાન સહન કરવું પડે છે. જે અણુઓનો હીરો બનેલો હોય છે તે અણુઓના સંયુક્તપણામાં–અભિન્નત્વમાં જ હીરાનું મૂલ્ય સમાયલું છે. જે ક્ષણે તે અણુઓને એક બીજાથી ભિન્ન કરવામાં આવે છે તે જ ક્ષણે તે નિરુપયોગી અને નિર્મૂલ્ય થઇ જાય છે. તે જ પ્રમાણે એક શક્તિશાળી મનુષ્ય પોતાની શક્તિનો ઘણો ભાગ તેના સહચારીઓના સમાગમથી પ્રાપ્ત કરતો હોવાથી તેઓને પરસ્પર ભિન્ન કરવામાં આવે તો તે શક્તિરહિત–નિર્બળ બની જાય છે.

જેવી રીતે મનુષ્યને શરીરપોષક ભોજનના ભિન્ન ભિન્ન પદાર્થોની જરૂર છે તેવી જ રીતે તેનું માનસિક ભોજન પણ વિવિધ પ્રકારનું હોવાની જરૂર છે. માનસિક ભોજનની આવી સામગ્રી ભિન્ન ભિન્ન રુચિ અને પ્રકૃતિના લોકોના સમાગમમાં આવવાથી ઉપલબ્ધ થઇ શકે છે. કોઇ પણ માણસને તેના સમૂહમાંથી–મંડળમાંથી વિમુક્ત રાખવામાં આવે તો તે તત્કાલ અવનત થવા લાગે છે. સ્વાનુભવથી જોઇ શકાયું છે કે જે બાળકોને અન્ય મનુષ્યોના સહવાસથી અનેક વર્ષો સુધી અલગ રાખવામાં આવ્યા છે તેઓ ક્રમશઃ એવી અધોગતિને પામ્યા છે કે આખરે તેઓ તદ્દન જડબુદ્ધિ અને મૂર્ખ બની ગયા છે. જે ગુણ અને સામર્થ્ય માણસ બીજા પાસેથી ગ્રહણ કરે છે તેના પ્રમાણમાં તે ગુણવાન અને શકિતશાળી બને છે. બીજા શબ્દોમાં કહીએ તો જેટલા પ્રમાણમાં તે બીજા સાથે સામાજિક, માનસિક અને નૈતિક સમાગમમાં આવે છે તેટલા પૂરતો તે શક્તિશાળી થાય છે અને જેટલે દરજ્જે તે બીજાથી અલગ રહે છે તેટલે દરજ્જે તે નિર્બળ રહે છે.

બાહ્ય જગતની સાથેનો સર્વ સંબંધ અને વાસ્તવિક રીતે તેઓનો પરસ્પર વ્યવહાર તોડી નાખીને કેવળ એકાંત સ્થળમાં રાખીને વ્યકિતઓને અસીમ નીતિબળ ધરાવનારા બનાવવાનો કેટલાક દેશોમાં યત્ન કરવામાં આવ્યો છે; પરંતુ જેમ માનુષી એકીભાવની નૈસર્ગિક યોજનામાં વિક્ષેપ કરનારી અન્ય સર્વ યોજનાઓ નિષ્ફળ નીવડી છે તેમ ઉક્ત પદ્ધતિ પણ નિષ્ફળ નીવડી છે.



For Private And Personal Use Only

મગજ અને મગજની વચ્ચે, આત્મા અને આત્માની વચ્ચે અમુક પ્રકારની શક્તિ રહેલી છે, જેનું માપ કરતાં આપણને આવડતું નથી, પરંતુ તે શક્તિ ઉત્તેજિત કરવાનું, બાંધવાનું અથવા તોડી નાખવાનું સામર્થ્ય ધરાવે છે. આ જગતમાં મનુષ્યના મનને પોષણ અને બળ આપે, નવીન ચૈતન્ય પ્રેરે એવાં હજારો સ્થળો છે, અને તે સ્થળો બંધ કરવાથી પરિણામ એ આવશે કે મનોબળ તદ્દન ક્ષીણ અને નિર્બળ થઇ જશે. મનુષ્યની પાંચ ઇન્દ્રિયો એક પ્રકારનાં સાધન અથવા માર્ગ છે, જે દ્વારા અંતઃસ્થ આત્માને સર્વ બાહ્ય વસ્તુનું જ્ઞાન પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત બીજી કેટલીક અગોચર અને પરોક્ષ શક્તિ છે જેનું કાર્ય હમેશાં મનને પ્રકાશિત અને તેજસ્વી કરવાનું છે. જે પોષક તત્ત્વ આત્મા સર્વ સ્થળેથી ગ્રહણ કરે છે તે તત્વથી જ આપણે ટકીએ છીએ અને દિનપ્રતિદિન પ્રગતિ કરીએ છીએ. પરંતુ આ તત્ત્વનું માપ અથવા બોલ ન કરવાનું કાર્ય પ્રત્યક્ષ બાહ્ય ઇંદ્રિયોની શક્તિની બહાર છે. આપણે આંખ અથવા કાનદ્વારા જે ગ્રહણ કરીએ છીએ તે આંખ અથવા કાનના સ્નાયુદ્વારા આપણામાં આવતું નથી. કોઈ સર્વોત્તમ ચિત્રમાંથી જે મહાન્ વસ્તુ આપણામાં પ્રવેશે છે તે કપડાં પરના રંગમાં કે આકૃતિમાં નથી હોતી, પરંતુ તે સર્વની પાછળ રહેલા ચિત્રકારમાં છે. એક અજબ અને અદ્દભુત શક્તિ જેનો ચિત્રકારના વ્યક્તિત્વમાં નિવાસ છે અને જે તેણે અનુભવેલી અને ગ્રહણ કરેલ સઘળી વસ્તુઓનો એકંદર સરવાળો છે. આ અજબ શક્તિની પ્રાપ્તિ કલ્પનાશક્તિદ્વારા અંતરાત્માને થાય છે. અને તે શક્તિનું માપ કરવાનું જ્ઞાની વિના કોઇ પણ મનુષ્યમાં સામર્થ્ય નથી.

જેઓ આપણા દુર્ગુણો અને દૂષણો જોવાને બદલે આપણા સદ્દગુણો અને આપણામાં જે સારું હોય તે જુએ છે તેવા લોકોની સાથે સમાગમમાં આવી સંબંધમાં જોડાવાની તક દ્રવ્ય પ્રાપ્ત કરવાની તક કરતાં ઘણે દરજ્જે કિંમતી છે. ઉમદા અને ઉત્તમ ગુણોને ખીલવવાની આપણી શકિત તેનાથી દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે. જે લોકો હમેશાં બીજાની અવગણના કરતા હોય છે, જેઓ બીજાના વર્તનમાં દોષો જોયા કરતા હોય છે અથવા જેઓ ધૂર્તતાથી એમ સૂચન કરતા જણાય છે કે તેઓએ જેવા બનવું જોઇએ તેવા તે બન્યા નથી એવા લોકોથી હમેશાં સાવધ રહો. આવા લોકોનો સહવાસ ભયંકર છે. આવા લોકો વિશ્વાસપાત્ર નથી હોતા, બીજા લોકોની અવગણના કરનારું મન હમેશાં સંકુચિત અને અસ્વસ્થ હોય છે. આવું મન બીજાની અંદર કશું સારું જોઇ શકતું નથી, તેમજ સારાનો ગણના કરી શકતું નથીં; તેથી આવા પ્રકારનું મન દ્વેષી તેમજ ઇર્ષ્યાળુ ગણાય છે. કોઇ પણ સદ્દગુણો માટે અને કોઇ શુભ કાર્ય માટે બીજાનું સારું બોલાતું હોય અથવા બીજાની પ્રશંસા થતી હોય તો તે આ પ્રકારના મનને અસહ્ય અને દુઃખદ થઇ પડે છે. બીજા માણસમાં કંઇક સારું છે એ વાતની તેનાથી ના પાડી શકાય એવું ન હોય ત્યારે પણ ' જો ' અથવા ' પણ ' શબ્દોથી તે તેની અવગણના કર્યા વગર રહેશે જ નહિ, અને પ્રશંસાપાત્ર બનેલા મનુષ્યના વર્તન પર શંકાશીલ દષ્ટિથી જોવા બીજી રીતે યત્ન કરશે.

વિશાલ અને સ્વસ્થ ચિત્ત બીજાના દોષો અને દૂષણો કરતાં ગુણો વધારે ત્વરાથી જોઇ શકે છે; પરંતુ સંકુચિત અને નિરંતર અવગણના કરનારું ચિત્ત તો હમેશાં અન્યના દોષો જ જોઇ શકે છે. જે કંઇ સ્વચ્છ છે, સુંદર છે, સત્ય છે, સુઘડ છે, ઉદાત્ત છે તે તેના દષ્ટિપક્ષની બહાર જ રહે છે. તેને નષ્ટ કરવામાં જ એવા ચિત્તને આનંદ અને મજા આવે છે, પણ તે બંધારણ કરવાની શક્તિ લેશ માત્ર ધરાવતું નથી. ( ચાલુ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર–સમાલોચના

**શેઠ મોતીશાહ**:–લેખકઃ સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ. સોલિસિટર. પ્રકાશકઃ શ્રી ગોડીજી જૈન દેરાસર અને ધર્માદાખાતાના ટ્રસ્ટીઓ, ૧૨, પાયધુની, મુંબઇ ૩

ઓગણીસમી સદી એટલે મુંબઇનો ઘડતરકાળ. એક બાજુ સામાન્ય ટાપુમાંથી મુંબઇ પોતાનો વિકાસ સાધી રહ્યું હતું, બીજી બાજુ મુંબઇના શાહ સોદાગરોમાં મોતીશાહ શેઠ પણ પોતાનું જીવન ઘડી રહ્યા હતા. ૩૨ વરસની યુવાન વયે તેઓ વડીલની છાયા ગુમાવી બેઠા. બન્ધુઓ પણ અવસાન પામ્યા, અને પોતાના માથે વડીલોના દેવાનો ભાર આવી પડ્યો. આમ મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે બાહોશ મોતીશાહ શેઠે પોતાનું ઉજ્વળ ભાવી ઘડયું, એક શ્રીમંત સોદાગર તરીકે ખ્યાતિ મેળવી અને આપબળે પ્રાપ્ત કરેલ લક્ષ્મીનો સુમાર્ગે વ્યય કરવાની શુભ પ્રવૃત્તિઓ પણ તેઓ સાથોસાથ કરતા ગયા.

શ્રીશત્રુંજયગિરિ પરની લાખોના ખરચે કુન્તાસરની ખાઇ પૂરાવી તેના ઉપર બાંધવામાં આવેલ ગગનચુંબી મોતીશા શેઠની ભવ્ય ટુંકનો ઇતિહાસ જ્યારે જાણવામાં આવે ત્યારે જ મોતીશા શેઠનો ધર્મપ્રેમ અને ઉદારતાનો સહજ ખ્યાલ આવે તેમ છે. તેઓશ્રીનું સારુંય જીવન સાહસ, બુદ્ધિકૌશલ્ય, ધર્મપ્રેમ, ઉદારતા અને લોકકલ્યાણના કાર્યોથી ભર્યું છે, મુંબઇની પાંજરાપોળને પગભર કરવામાં કે ત્યાંના જિનાલયો બાંધવામાં પણ મોતીશા શેઠનો અપૂર્વ ફાળો હતો. તેઓએ જીવનમાં વસંત પણ અનુભવી છે અને પાનખરનો પણ અનુભવ કર્યો છે, એમ છતાં ગમે તે સ્થિતિમાં સેવા કરવાની તૈયારી, ધગશ અને ઉમદા સ્વભાવ પ્રશંસનીય હતા.

મોતીચંદભાઇએ મોતીશાહ શેઠના જીવનની કંડિકાઓ, તે સમયની જૈનોની પરિસ્થિતિ, જૈનોનું વ્યાપારક્ષેત્રમાં સ્થાન વગેરે ઘણી ઉપયોગી જાણવા જેવી હકીકતો આ પુસ્તકમાં રજૂ કરી છે.

લેખકના શબ્દોમાં કહીએ તો આવા મહાન પુરુષના જીવનની ઘણી ઘટનાઓની વિગત બરાબર મળી શકી નથી. તેથી ઐતિહાસિક દૃષ્ટિએ હકીકતોની નોંધ રાખવાની તે સમયે ટેવ પણ ઓછી હતી એટલે શેઠશ્રીના જીવનના ઘણા પ્રસંગો આમાં રજૂ પણ થઇ શક્યા નહી હોય, એમ છતાં જે હકીકતો રજૂ કરી છે તે મનન કરવા યોગ્ય છે તેમ ઓગણીસમી સદીમાં જૈનોની પરિસ્થિતિનો આછો ખ્યાલ પણ આમાંથી મળી રહ્યો છે.

આવું ઉપયોગી સાહિત્ય સર્જવા માટે લેખક ધન્યવાદ માગી લ્યે છે, તેમ તેના પ્રકાશકને પણ આવું ઉપયોગી પ્રકાશન પ્રગટ કરવા બદલ અભિનંદન ઘટે છે.

---

**છપાય છે** **જ્ઞાનપ્રદીપ ( ત્રણે ભાગ સાથે ) સંપૂર્ણ** **છપાય છે**

**લેખક—સદ્દગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.**

જૈન–જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક, કપરા વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ આપનાર, અહિંસા અને સર્વ પ્રત્યે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન–પાઠન માટે અતિ ઉપયોગી, શાસ્ત્રોના અવગાહન અને અનુભવપૂર્ણ રીતે સદ્દગત આચાર્ય મહારાજે લખેલો આ સુંદર ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્તે અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઇંડીંગ સાથે અમારા તરફથી છપાય છે.

---

For Private And Personal Use Only

Reg. No. B. 314

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. **સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે.** જેમાંથી પેટ્રન થનાર મહાશયોને છેલ્લા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬–૮–૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩–૮–૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫–૦–૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭–૮–૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩–૦–૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬–૮–૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪–૦–૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨–૦–૦ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦–૦–૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬–૦–૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧–૦–૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦–૮–૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર–સચિત્ર | ,, ,, ૭–૮–૦ |
| | જ્ઞાન–પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨–૦–૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧–૦–૦ |
| | | રૂા. ૮૬–૦–૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦–૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ
તા. ૧૩–૧–૫૩
૨૦૦૯ પોસ વદ ૧૩ }

શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.